ગુડાએ સરગાસણ ટી.પી. વિસ્તારમાં ૩૭ કાચા-પાકાં દબાણો પર બુલડોઝર ફેરવ્યું

ગુડા વિસ્તારના ૩૦૦ કરોડના ૩ પ્લોટ દબાણમુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૩

ગુડાના રીઝર્વ પ્લોટમાંથી દબાણો દૂર કરવા છેલ્લા બે દિવસથી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગુડા દ્વારા સરગાસણની ટી.પી. વિસ્તારમાં વિવિધ ત્રણ પ્લોટમાંથી અંદાજીત ૩૭ જેટલા કાચા-પાકા દબાણો દૂર કરી રૂ. ૩૦૦ કરોડની જગ્યાને દબાણમુક્ત કરવામાં આવી હતી. બિલ્ડરોએ ભાડુ ચુકવ્યા વિના ઉભા કરેલા દબાણોને દૂર કરાયા હતા.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી દ્વારા સત્તામંડળના અધિકારીઓની ટીમ સરગાસણની આખરી થયેલ ૯-એ સરગાસણ-વાવોલ-વાસણા હડમતિયાની સ્થળ તપાસ કરી હતી. જેમાં ગુડાને પ્રાપ્ત થયેલ અલગ અલગ હેતુના રીઝર્વ પ્લોટોમાં આજુબાજુની સ્કીમના બિલ્ડરો દ્વારા સાઈટ ઓફીસ બનાવવા અથવા બીલ્ડીંગ મટીરીયલ સ્ટોક કરવા જેવા દબાણો તથા અન્ય કાચા-પાકા દબાણ જેવા દબાણો ધ્યાને આવ્યા હતા. જેથી સ્થળ તપાસ દરમિયાન બિલ્ડરોને નિયમાનુસારનું ભાડુ ભરીને પ્લોટ ભાડે લેવા સારૂ અરજી કરવા તાકીદ કરવામાં આવી હતી. દબાણકારોને ૧૫ દિવસમાં સ્થળ પરથી દબાણ સ્વેચ્છાએ દૂર કરવા જણાવ્યુ હતુ. જેમાં ૧૦ જેટલા બિલ્ડરો દ્વારા પ્લોટ ભાડે લેવા નિયમાનુસારની અરજી કરવામાં આવી હતી. જ્યારે ઘણાં દબાણકારોએ સ્વેચ્છાએ પોતાના કાચા દબાણ દૂર કરેલ હતા.

જે દબાણકારોએ આપેલ મહેતલમાં દબાણ દૂર કરેલ ન હતા તેવા ફાયનલ પ્લોટોમાં સત્તામંડળના અધિકારી/કર્મચારીઓ દ્વારા પોલીસ રક્ષણ સાથે દબાણો દૂર કરાયા હતા. જેમાં પ્લોટ નં. ૧૫૪ (રમત ગમતનું મેદાન)માં થયેલ લાંબા સમયથી થયેલ ૧૮ જેટલાં કાચા-પાકા દબાણ અને ૧ પાકુ બાંધકામ તોડી પાડીને સફાઈ કરી પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ ફાયનલ પ્લોટ નં. ૧૭૫ (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેના આવાસો) માં પણ ૧૨ જેટલા કાચા ઝુંપડાનું દબાણ દૂર કરવામાં આવ્યા હતા. ફાયનલ પ્લોટ નં. ૧૪૫ માંથી ૬ જેટલા કાચા ઝુંપડાનું દબાણ દૂર કરવામાં આવ્યા હતા.

સત્તામંડળમાં ધવલ પટેલની નિયુક્તિ થયા બાદ તેઓના માર્ગદર્શન હેઠળ ગુડા વિસ્તારમાં ઉક્ત ૩ પ્લોટો મળીને અંદાજીત ૩૦૦ કરોડના પ્લોટ દબાણમુક્ત કરવામાં આવ્યા હતા. ૧૦ જેટલા પ્લોટના કબ્જા મેળવવામાં આવ્યા અને દોઢ કિ.મી. જેટલી લંબાઈના રોડના સ્થળે પઝેશન મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરની ચૂંટણી જાહેરાત આગામી સપ્તાહે થવાની સંભાવના

૧૧ વોર્ડની ૪૪ બેઠકોની ચૂંટણી માટે ભાજપ કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે

ગાંધીનગર, તા. ૩

કોરોના સંક્રમણના કારણે સ્થગિત કરવામાં આવેલી ગાંધીનગર મહાનગરની ચૂંટણી આગામી સપ્તાહે ગમે ત્યારે જાહેર થાય તેવી સંભાવના છે. આ ચૂંટણી રાજ્ય ચૂંટણી પંચે સ્થગિત કરી હતી. કોરોનાની ત્રીજી લહેરની શક્યતા નહીંવત જોતાં હવે આ ચૂંટણી યોજાઈ શકે છે.

ગાંધીનગર સહિત ગુજરાતમાં કોરોનાના કેસ ઘટ્યાં હોવાથી રાજ્ય ચૂંટણી પંચે તૈયારી શરૂ કરી છે. જે બેઠકમાં ઉમેદવારનું અવસાન થયું છે તે બેઠક માટે ઉમેદવારી પત્રો ભરવા માટેનું નોટીફિકેશન જાહેર થશે પરંતુ તમામ ૪૪ બેઠકો માટે નવું નોટિફિકેશન જાહેર થવાની સંભાવના દેખાતી નથી. આ માટે કાયદાકીય અભિપ્રાય લેવામાં આવી રહ્યો છે. રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોએ કહ્યું હતું કે નવરાત્રી પહેલાં આ ચૂંટણી પૂર્ણ કરવા અમે સજ્જ છીએ.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે ૧૧ વોર્ડની ૪૪ બેઠકો ઉપર ૨૮૦ થી વધુ મતદાન મથકોમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિ-પંખીયો જંગ થવાનો છે. આ મહાનગરના ૨.૮૨ લાખ મતદારો શહેરના ૪૪ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. શહેરમાં ભાજપ અને આમ આદમી પાર્ટીએ ચૂંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરી દીધી છે પરંતુ કોંગ્રેસના સ્થાનિક નેતાઓમાં હજી ચળવળ શરૂ થઈ નથી.

ભાજપ સામે આ ચૂંટણીમાં સૌથી મોટો પડકાર પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો તેમજ મોંઘવારી છે. કોંગ્રેસ પાસે યુવાનોને રોજગારી અને ખેડૂતોના પ્રશ્નો જેવી સમસ્યાઓ છે, જ્યારે આમ આદમી પાર્ટીનો સીધો પલટવાર ભાજપના શાસન સામે છે. ચૂંટણી જાહેર થયા પછી ગાંધીનગરનું રાજકીય ધમાસાણ શરૂ થવાનું છે. રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગાંધીનગર મહાનગરપાલિકા માટેની ચૂંટણીનો મોટો પડકાર એટલા માટે છે કે તેણે કોવિડની ગાઈડલાઈનનું પાલન કરાવવાનું છે.

જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ૪ શિક્ષકો અને તાલુકાના ૩ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી

પમી સપ્ટેમ્બરે શિક્ષક દિને સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં આ શિક્ષકોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૩

૫ મી સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે જિલ્લાકક્ષાએ ૪ શિક્ષકો અને તાલુકાકક્ષાએ ૩ શિક્ષકોના સન્માન કરવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે માધ્યમિક વિભાગમાં ડભોડાના ડૉ. વિનોદકુમાર પાંડેની પસંદગી કરી છે.

પ્રાથમિક શાળાના જિલ્લાકક્ષાના પારિતોષિક માટે દહેગામ તાલુકાના જીવરાજના મુવાડાના બી.એચ. ગોસ્વામી અને કલોલના બોરીસણા પ્રા. શાળાના ડી.કે. પટેલની પસંદગી કરી છે.

સી.આર.સી. કેળવણી નિરીક્ષક એચ.ટાટ આચાર્યની શ્રેણીમાં રાંચરડા પગાર કેન્દ્ર પ્રા. શાળાના હરેશભાઈ જે. પટેલની પસંદગી કરી છે.

તાલુકાકક્ષાના પારિતોષિક માટે કલોલ તાલુકાની નાંદોલી પ્રા. શાળાના હસમુખભાઈ લેઉઆ, દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રા. શાળાના ધર્મેશભાઈ ગજ્જર તેમજ માણસા તાલુકાના પ્રેમનગર બોરૂના શ્રીમતિ પારૂલબેન પ્રહલાદભાઈની પસંદગી કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ શિક્ષકોનો સન્માન સમારોહ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, કેમ્બે રિસોર્ટની પાછળ સે. ૨૫ ખાતે જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં કરવામાં આવશે. તંત્ર દ્વારા આ કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

પ્રા. શિક્ષણ ક્ષેત્રે ગાંધીનગર તાલુકાના એક પણ શિક્ષકની પસંદગી ન થઈ હોવાથી તાલુકાના શિક્ષણજગતમાં થોડોક સન્નાટો પણ જોવા મળી રહ્યો છે. શ્રેષ્ઠ શિક્ષક તરીકેની પસંદગી જિલ્લાકક્ષાની રચાયેલી સમિતિ દ્વારા કરવામાં આવી છે.

જિલ્લામાં શિક્ષકદિનની ઉજવણી પણ ૫ મી સપ્ટેમ્બરના રોજ અત્યંત સાદગીથી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

સે. ૨૮ના બાલોદ્યાનના બંધ દરવાજા સોમવારથી ખુલ્લા મુકાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરની આગવી ઓળખ બનેલા સે. ૨૮ના બાલોદ્યાનના દરવાજા ટૂંક જ સમયમાં ખોલી દેવાશે.

૩૩ મહિનાના લાંબા ગાળા બાદ આ બાલોદ્યાન ખુલ્લુ મુકવામાં આવશે. જો કે હાલ આ બાલોદ્યાનમાં ઉગી નીકળેલા નકામા ઘાસચારાને તેમજ રાઈડ્સના રિપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે રૂ. ૧૪ કરોડ જેટલા માતબર ખર્ચે રિનોવેશન કરાયેલા આ બગીચામાં કેટલાક હિંચકાઓ તુટી જવા પામ્યા છે તો ક્યાંક કાટ લાગી જવાને લઈ પણ મરામત જરૂરી બની છે.

બગીચાને નવા રૂપરંગ આપવા સાથે ખાણી-પીણીના સ્ટોલ્સ પણ શરૂ કરવામાં આવશે

તાજેતરમાં સે. ૨૮નું બાલોદ્યાન બંધ હોવાને લઈ કમિશનર ડૉ. ધવલ પટેલનું ધ્યાન દોરવામાં આવતાં જ તેમણે આ મુદ્દો હાથ પર લીધો હતો. મનપાના સૂત્રોમાંથી મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે હાલ પ્રારંભમાં આ બાલોદ્યાનમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે અને તેની સામે તેના સંચાલનની જવાબદારી સંભાળનાર એજન્સીને પણ ભાડામાં રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ બાલોદ્યાનમાં કેટલીક નવી વૉટર રાઈડ્સ પણ લગાવવામાં આવી રહી છે. આ ઉપરાંત મોટર રાઈડ્સ પણ ઈન્સ્ટોલ કરવાની કામગીરી ચાલી રહી છે. બગીચાને નવા રૂપરંગ આપવા સાથે ખાણી-પીણીના સ્ટોલ્સ પણ શરૂ કરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગરમાં શનિ-રવિની રજાઓમાં ઉદ્યાનોમાં લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા હોવાથી તંત્રએ હવે આ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી છે. લગભગ સોમવારના દિવસથી આ બગીચો વિધિવત્ ખુલ્લો મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર - અમદાવાદમાં સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં વરસાદ વરસશે

ઉત્તર મધ્ય ગુજરાતમાં હળવો મધ્યમ અને સૌરાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારમાં પણ સપ્ટેમ્બરના આ સયમગાળા દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના : ૧૬ સપ્ટેમ્બરથી ૧૭ ઓકટોબર દરમિયાન ગરમીનો પારો ૩૮ ડીગ્રીને પાર થશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર અમદાવાદમાં સપ્ટેમ્બર મહીનાના બીજા અને ત્રીજા સપ્તાહમાં હળવા ભારે વરસાદના ઝાપટા વરસશે. ઉત્તર મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ભાગોમાં તા ૬ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન સારો વરસાદ થશે જયારે તા ૧૬ સપ્ટેમ્બર થી ૧૭ ઓકટોબર દરમિયાન ગરમીનો પારો ૩૮ ડીગ્રી ને પાર જશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ દા પટલે આ અંગે માહીતી આપતા જણાંવ્યા મુજબ હમણાં દુષ્કાળ જેવી સ્થિતિનુ નિર્માણ થવાનુ હતુ ત્યારે વરસાદ થવાથી મુરઝાતા ઉભા કૃષિ પાકોને જીવતદાન મળ્યુ છે. જે પાકોને હાનિ થવામાં હતી તે થઈ ગઈ પરંતુ આ વરસાદથી હવે દિવેલાના પાકમાં તેમજ ઘાસચારાના પાકમાં કપાસ અને ભેજસંગ્રહ થવાથી રવિપાકો પણ સારા થવાની સંભાવના છે. બિનપિયત ઘઉં અને ચણા જેવા પાક માટે આ વરસાદનો ભેજ જયાં વધુ વરસાદ રહેશે ત્યાં ટકી શકે હવે આગામી સમયમાં હાલમાં ચાલુ રહેલો વરસાદ થોડો ઘણો પણ ઉત્તર મધ્ય ગુજરાતના ભાગો દક્ષિણ ગુજરાતના ભાગો તેમજ સૌરાષ્ટ્રના ભિન્ન ભિન્ન ભાગોમાં યથાવત રહી શકે જયારે બંગાળના ઉપસાગરનુ વહન સક્રીય થતા ઉત્તર ગુજરાતના ભાગોમાં તારીખ ૬ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન સારો વરસાદ થવાની સંભાવના છે. મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા તેમજ સમી હારી બેચરાજી કડી, વિસનગર , સિધ્ધપુર, વડનગર જેના ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. પંચમહાલના ભાગોમાં પણ આ સમયગાળા દરમિયાન સારો વરસાદ થશે. જેમાં તા ૮ થી ૧૦ સપ્ટેમ્બરમાં ઘણાં ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં તા ૭ થી ૧૦ દરમિયાન સારો તેમજ કેટલાક ભાગોમાં ભારે કે અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. મધ્ય ગુજરાતના ભાગોમાં આ સમયગાળા દરમિયાન સારો વરસાદ થશે. જેમાં તા ૮ થી ૧૦ માં ભારે વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્રના દરિયાકીનારાના ભાગોમાં પણ સારો તેમજ કેટલાક ભાગોમાં અતિભારે વરસાદ થશે. પશ્ચિમ સૌરાષ્ટ્ર તેમજ કચ્છના ભાગોમાં પણ વરસાદ થશે. ત્યારબાદ તા ૧૧ અને ૧૨ અને ૧૩ , ૧૪ સપ્ટેમ્બર દરમિયાન પણ વરસાદ વરસશે. ભાદરવા મહીનામાં પણ રાજયના ઘણાં ભાગોમાં હળવાથી ભારે

● અનુસંધાન પાન-૭ પર

શ્રી ગાંધીનગર જૈન સંઘ, સે-૨૨ ખાતે ચાતુર્માસ અર્થે પધારેલ રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની મુલાકાતે ભાજપના સાંસદ સભ્ય સુબ્રમણ્યમ સ્વામી આજ રોજ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના પ્રથમ દિવસે આશીર્વાદ લેવા પધાર્યા હતા. આ પ્રસંગે ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર-કલોલના ૪ ગામોમાં આજે ડિજીટલ સેવાસેતુ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર અને કલોલના બે-બે ગામોમાં આજે ડિજીટલ સેવા સેતુ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાશે.

મળતી વિગતો મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અને સાંસદ અમીતભાઈ શાહના સૂચન મુજબ તાલુકાના કલ્યાણ યોજનાના લાભાર્થીઓને ઝડપથી ન્યાય મળે તે માટે સેવાસેતુ જેવા કાર્યક્રમો કરવા જોઈએ.

આ સૂચનને ધ્યાને રાખી તંત્રએ દર સપ્તાહના શુક્રવારે આ પ્રકારે સેવાસેતુ ડિજીટલી યોજવાનો નિર્ણય કર્યો છે. આ વિશિષ્ટ પ્રકારના સેવાસેતુ માટે ૪૬ થી વધુ કલ્યાણકારી યોજનાઓ હાલ શોર્ટ લીસ્ટ કરી દેવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા આ માટે અરજીઓ મેળવી અને તેનો સ્થળ પર શક્ય એટલો ઝડપી નિકાલ કરવામાં આવશે. આ સેવાસેતુનો વ્યાપ જેમ જેમ આગળ વધશે તેમ તેમ બીજી સેવાઓ પણ ઉમેરવામાં આવશે. આ માટે જિલ્લા કલેક્ટરશ્રીએ અધિકારીઓ સાથે ગુગલ મીટથી બેઠક યોજી અને લાભાર્થીઓને ગાંધીનગર સુધી આવવુ ન પડે તેના પર વિશેષ ભાર મુક્યો છે.

જિલ્લામાં હાલ ગાંધીનગર અને કલોલ તાલુકામાં આ સેવાસેતુઓ યોજવામાં આવશે અને પછી ક્રમશઃ દહેગામ અને માણસાનો પણ આમાં સમાવેશ કરી દેવાશે.

બીજી તરફ વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે પણ આ ડિજીટલ સેવાસેતુ એક મહત્વનું માધ્યમ બનીને ઉભરી આવશે તેમ તંત્રના સૂત્રોનું માનવુ છે.

જિલ્લામાં ૧૧,૫૭૨ નાગરિકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧,૫૭૨ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ સેન્ટરો પર ૮૦૫૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જ્યારે શહેરમાં ૩૫૧૮ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સંક્રમણ ઘટતાં તંત્રએ વેક્સિનેશન અભિયાન પર ધ્યાન વધુ કેન્દ્રીત કર્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭ લાખની નજીક લોકોને વેક્સિનના પ્રથમ ડોઝથી આવરી લેવામાં આવ્યા છે જ્યારે ૨,૧૧,૬૪૨ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૮+ વયજૂથમાં વેક્સિનેશન અભિયાનને સારો પ્રતિસાદ મળ્યો છે. શહેરમાં ૩,૩૩,૦૬૨ ને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૩૧,૨૭૬ને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. શહેરમાં ૨,૬૦,૫૩૧ પુરૂષો અને ૨,૦૩,૭૨૦ મહિલાઓને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. મોટાભાગના લોકોએ કોવિશિલ્ડ વેક્સિન પર જ પસંદગી ઉતારી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com